#173

Focus with Priority 🤔

મિત્રો,
ઘણા લોકો કહે છે, “મારે Focus નથી રહેતો.”
પરંતુ સાચી વાત એ છે કે Focus ની સમસ્યા નથી, Priority ની અસ્પષ્ટતા છે.

જ્યારે આપણને ખબર જ ન હોય કે સૌથી અગત્યનું કામ કયું છે, ત્યારે મન દરેક કામમાં ભટકતું રહે છે.

સૂર્યના કિરણો રોજ પૃથ્વી પર પડે છે, પરંતુ જ્યારે એ જ કિરણો એક Magnifying Glass દ્વારા એક જ બિંદુ પર કેન્દ્રિત થાય છે, ત્યારે આગ પ્રગટે છે.
એ જ રીતે, જ્યારે આપણા સમય, શક્તિ અને વિચારો એક જ પ્રાથમિકતા પર કેન્દ્રિત થાય છે, ત્યારે અસાધારણ પરિણામો જન્મે છે.

યાદ રાખો…

Focus નો અર્થ બધું કરવું નથી.
Focus નો અર્થ છે – સૌથી મહત્વનું કામ પહેલા કરવું.

દરેક દિવસની શરૂઆતમાં તમારી જાતને માત્ર એક પ્રશ્ન પૂછો:

“આજે એવું કયું એક કામ છે, જે પૂર્ણ થઈ જાય તો આજનો દિવસ સફળ ગણાશે?”

એ એક કામને પ્રથમ સ્થાન આપો… અને પછી જુઓ, તમારી પ્રગતિની ગતિ કેવી રીતે બદલાય છે.

કારણ કે…
Focus ત્યાં જ આવે છે, જ્યાં Priority સ્પષ્ટ હોય છે.